| | |
|---|---|
| PUBLICATION NAME : | Sandesh (City Life) |
| EDITION : | Ahmedabad |
| DATE : | 03/09/2022 |
| PAGE: | 04 |

### પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે ઉત્પાદન કરવા ૧,૦૦૦ દિવસમાં ૧૦૦ જિલ્લામાંથી,

# EDIIએ ૧૦,૦૦૦ મહિલા સંચાલિત પર્યાવરણલક્ષી વ્યવસાયોનું સર્જન કરવા કોર્પોરેટ સાથે જોડાણ કર્યું

## EDII દ્વારા મહિલા સશક્તીકરણ સાથે ગ્રીન વ્યવસાયોની કામગીરી વધારવા વિવિધ મુદ્દાઓ પર ટૉક યોજાઈ

સિટી લાઇફ । સેન્ટર ઓફ એક્સલન્સ અને આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા ૧,૦૦૦ દિવસમાં ૧૦૦ જિલ્લાઓમાં ૧૦,૦૦૦ મહિલા-સંચાલિત ગ્રીન વ્યવસાયો ઊભા કરવા પ્રસિદ્ધ કોર્પોરેટ સાથે જોડાણ કર્યું છે. ઈડીઆઈઆઈ દ્વારા યોજાયેલ એક દિવસના સેશનમાં મહિલા-સંચાલિત ગ્રીન ઉદ્યોગસાહસો પર નવી રીતો, મહિલા સશક્તીકરણમાં વધારા માટે સહિયારી કામગીરી પર જોડાણ અને ગ્રીન વ્યવસાયોની કામગીરી વધારવા ઓછો-ખર્ચ ધરાવતી ટેક્નોલોજીઓના ઉપયોગ જેવા મુદ્દાઓ પર ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. આ સેશનમાં કોર્પોરેટ જગત, સરકારી સાહસોના સીએસઆર હેડ, મંત્રાલયોમાંથી વરિષ્ઠ અધિકારીઓ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ અંગે વાત કરતા ઈડીઆઈઆઈના પ્રોજેક્ટ ડિપાર્ટમેન્ટના ડિરેક્ટર ડૉ. રામન ગુજરાલે પર્યાવરણને લઘુતમ નુકસાન સાથે બજારમાં ઉચ્ચસ્તરીય ઉત્પાદનો અને સેવાઓની વધતી જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું કે,



'વ્યવસાયમાં સસ્ટેઈનેબિલિટી મોટા કોર્પોરેટ અને નાના ઉદ્યોગસાહસો એમ બન્નેને લાગુ પડે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને આપણે આર્થિક વૃદ્ધિ માટે પર્યાવરણલક્ષી ઉદ્યોગસાહસો અને વ્યવસાયોને પ્રોત્સાહન આપવા તથા પર્યાવરણને બચાવવા કેવી વ્યૂહરચનાઓ વિકસાવી શકાશે એના પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. નવા ઈનોવેશન માટેની જરૂર છે તથા ગ્રામીણ અને શહેરી એમ બન્ને ક્ષેત્રોમાં પર્યાવરણને અનુકૂળ રીતો અપનાવવાની જરૂર છે.'

### ગામડાનાં લોકોને કુશળ બનાવી અર્થતંત્રમાં ૭૦ ટકાથી વધારેનો ફાળો આપી શકાય છે



કોર્પોરેટ સાથે જોડાણમાં ઇડીઆઇઆઈએ માઇક્રો સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (એમએસડીપી) અંતર્ગત અર્બન ટેરેસ ગાર્ડનિંગ કિટ્સ, બામ્બુ ક્રાફ્ટ્સ, મશરૂમ કલ્ટિવેશન, ઓર્ગેનિક ફર્ટિલાઇઝર્સ, બીકીપિંગ (મધમાખીપાલન) અને પાનમાંથી બાયોડિગ્રેડેબલ પ્લેટ બનાવવી જેવા કેટલાંક નવીન પર્યાવરણલક્ષી વ્યવસાયો વિકસાવ્યાં છે. ગ્રામીણ ઉદ્યોગસાહસિકતામાં યોગ્ય લોકોને કુશળ બનાવી ભારતીય અર્થતંત્રમાં ૭૦ ટકાથી વધારેનો ફાળો આપી શકાય છે. આ માટે ગ્રામીણ સમુદાયના ઉદ્યોગસાહસિકો વિવિધ ટેક્નોલોજીથી વાકેફ હોવા જોઈએ, આનાથી તેમની આર્થિક ક્ષમતા અને સુખાકારી વધશે.

-ડો. સુનીલ શુક્લા, EDIIના ડીજી